# યોએલને સંભળાયેલી પ્રભુની વાણી

## ફાધર વર્ગીસ પોલ

યોએલ બિન પથુએલ બાઈબલના બાર ગૌણ પયગંબરો પૈકીના એક છે. પયગંબરોના બાર ગ્રંથોમાં યોએલ નો ગ્રંથ હોશિયા પછી બીજા સ્થાને આવે છે. આપણને યોએલના જીવન અને સમય વિશે બાઈબલમાંથી કે બહારથી પણ કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. યોએલ ગ્રંથના ઘણા વિવેચકો માને છે કે યહૂદીઓના દેશવટા પછી ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદીમાં યહૂદામાં પયગંબર યોએલ પોતાના નામવાળો યોએલ ગ્રંથ રચ્યો છે.

બાઈબલના કેટલાક પંડિતો યોએલને ઈ.પૂ. નવમી સદીમાં રચાયેલો ગ્રંથ માને છે. યોએલ ગ્રંથના અમુક ભાગો અને આમોસ, મિખા, સફનિયા, ઈર્મિયા અને હઝકિયેલ જેવા પયગંબરનાં લખાણના અમુક ભાગો સાથે ચોક્કસ સામ્ય ધરાવે છે. એટલે એવું મનાય છે કે કાં તો પયગંબરે પોતાના પુરોગામી પયગંબરોનાં લખાણનું અનુકરણ કર્યું હશે કે જુદા જુદા પયગંબરોએ યરુસાલેમ મંદિરની ઉપાસના વિધિના ધાર્મિક સાહિત્યને ધ્યનમાં લઈને પોતાના ગ્રંથનું સર્જન કર્યું હશે. અમુક વિદ્વાનો માને છે તેમ, યોઅલ ગ્રંથ નવમી સદીમાં લખાયો હોય તો ત્યાર પછીના પયગંબરોએ યોએલને નમૂનારૂપે ગણીને એમાંથી અમુક નાનકડા શબ્દસમૂહો લીધા હશે. ઘણું ખરું પયગંબર યોએલે જ પોતાના લખાણમાં બીજા પયગંબરોના વાક્યના ભાગોનું અનુકરણ કર્યું હશે.

યોએલ ગ્રંથનાં ચાર પ્રકરણોને બે ભાગોમાં વહેંચી શકાય છે. પહેલાં બે પ્રકરણોમાં તીડા હુમલાનું વર્ણન અને પશ્ચાત્તાપી હાકલ છે. બાકીનાં છેલ્લાં બે પ્રકરણોમાં પ્રભુના દિવસનું વર્ણન છે.

એક જમાનામાં યોએલ ની શરૂઆતમાં આપેલા તીડના વર્ણનને યહૂદા ઉપરના પરદેશી આક્રમણના સાંકેતિક વર્ણન તરીકે માનવામાં આવતું હતું. પરંતુ આજે બાઈબલના પંડિતો એને તીડોના વાસ્તવિક હુમલાનું વર્ણન માને છે.

પોતાના દેશમાં ફરી વળેલા તીડના ભયંકર ઉપદ્રવ અને દુકાળની આપત્તિ જોઈને જ યોએલ પોતાની અગમવાણી ભાખવા પ્રેરાયા છે. યોએલ માટે એ ભયંકર આપત્તિ પ્રભુના દિવસનો સંકેત છે. બંને તીડોના ઉપદ્રવનું અને પ્રભુના દિવસનું પયગંબર યોએલ ખૂબ કાવ્યમય અને સાહિત્યિક ભાષામાં વર્ણન કર્યું છે.

તીડના હુમલાનું વર્ણન કરતાં યોએલ લખે છે, તીડની સેનાએ મારા દેશ ઉપર હુમલો કર્યો છે. તે બળવાન અને અગણિત છે. એમના દાંત સિંહના દાંત જેવા છે. તેમની દાઢો સિંહણની દાઢો જેવી છે. એમણે મારી દ્રાક્ષની લતાઓને રોળી નાખી છે. મારા અંજીરનાં ઝાડને બરબાદ કરી નાખ્યાં છે. એમણે તેની છાલને ખાઈ જઈને તેની ડાળીઓને સફેદ કરી નાખી છે.

દેશમાં દુકાળ જેવી સ્થિતિનું આબેહૂબ વર્ણન કરતાં યોએલ કહે છે, સૂકાં ઢેફાં નીચે બી સુકાય છે. પાક નિષ્ફળ ગયો છે એટલે ખાલી પડેલા કોઠારો જમીનદોસ્ત થયા છે. મૂંઝાઈ ગયેલાં ઢોરો કેવા ભંભરડા નાખે છે ! તેમને માટે ચારો નથી. ઘેટાંબકરાં સુધ્ધાં રિબાય છે.

યોએલ આલંકારિક ભાષામાં તીડના ઉપદ્રવને વિદેશી સેના અને યુદ્ધ સાથે સરખાવ્યો છે. યુદ્ધના ઘોડાઓનાં દળોની પેઠે તેઓ ધસ્યા આવે છે. રથોના જેવા ગડગડાડ સાથે, ઘાસ બાળતા અગ્નિન જેમ સુસવાટા કરતા, વ્યૂહબદ્ધ પ્રચંડ તેનીના પેઠે ધસમતા તેઓ શિખરો કૂદતા આગળ વધે છે.

યોએલ વર્ણવે છે કે તીડોની સેના આગળ નંદનવન સમી ધરતી પડી છે. પણ તેના હુમલા પછી ફક્ત વેરાન વગડો જ છે. કશુંય બચવા પામતું નથી.

તીડોએ વર્તાવેલા આ કાળા કેરથી યોએલને ખાતરી થાય છે કે પ્રભુનો દિવસ નજીક છે. એટલે યોએલ લોકોને પશ્ચાત્તાપ કરી ઈશ્વર તરફ વળવાની હાકલ કરે છે, પ્રભુ કહે છે, હજી પણ પૂરા દિલથી મારી પ્રત્યે પાછા વળો. ઉપવાસ કરો, રુદન કરો અને છાતી કૂટો. પશ્ચાત્તાપથી તમારાં હૃદય ફાડો, નહિ કે તમારાં કપડાં.

સમાજના જુદા જુદા લોકોએ કેવી રીતે પ્રશ્ચાત્તાપમાં શું-શું કરવું જોઈએ એનો પણ પયગંબર યોએલે નિર્દેશ કર્યો છે. સિયોનમાં રણશિંગું વગાડો, ઉપવાસ જાહેર કરો, ધર્મસંમેલન બોલાવો, લોકોને ભેગા કરો, પવિત્ર સભાની જાહેરાત કરો, વડીલોને એકઠા કરો, છોકરાંઓને ભેગાં કરો, બલકે, ધાવણાં બાળકોને પણ, વરવધુ પોતાનો શયનખંડ છોડે, પુરોહિતો, પ્રભુના સેવકોએ યજ્ઞવેદી આગળ ઊભા રહીને રડતાં રડતાં એવી પ્રાર્થના કરવી કે,  પ્રભુ, તારી પ્રજાને ક્ષમા કર ! તારા પોતાના લોકોનો બીજી પ્રજાઓ તિરસ્કાર કરે, એમની હાંસી ઉડાડે એવું ન થવા દે.

પયગંબર યોએલે છેલ્લાં બે પ્રકરણમાં વર્ણવેલો પ્રભુનો દિવસ એટલે દિવસ જ્યારે પ્રભુ લોકો વચ્ચે વિશેષરૂપે પ્રગટ થશે અને અન્યાય તથા અધર્મને દૂર કરશે. એટલું જ નહિ, પણ પ્રભુ ન્યાય અને સાચા ધર્માચરણ દ્વારા લોકોનો ઉદ્ધાર કરશે.

પ્રભુના દિવસના વર્ણનમાં પયગંબર યોએલે અમુક દઢ થયેલાં રૂપકો અને સરખામણીનો ઉપયોગ કર્યો છે. પ્રભુનો એ મહાન ભયંકર દિવસ ઊગે તે પહેલાં તો સૂર્ય અંધકારમય બની જશે. ચંદ્ર લોહીવર્ણો બની જશે. ત્યારે જે કોઈ પ્રભુનું નામ લેશે તે ઊગરી જશે. અને વળી, પયગંબર યોએલ નિરૂપે છે ચુકાદાની ખીણમાં મેદની ઊભરાય છે. એ ખીણમાં પ્રભુના ન્યાયનો દિવસ આવવામાં છે. સૂર્યચંદ્ર કાળા પડી જાય છે. અને તારાનું તેજ બુઝાઈ જાય છે.

યોએલ ગ્રંથનો મુખ્ય સંદેશ છે કે, જો લોકો સન્માર્ગે વલે તો લોકો પ્રભુને હાથે ઉદ્ધાર પામશે અને દેશ ફરી સુખના દહાડા જોવા પામશે. પ્રભુ સિયોનમાંથી ગર્જના કરે છે, યરુશાલેમમાંથી હાક મારે છે. આકાશ અને ધરતી ધ્રૂજી ઊઠશે, પણ પ્રભુ પોતાના લોકોનો ગઢ બની તેમનું રક્ષણ કરશે. પ્રભુના દિવસે દેશની આબાદીનું વર્ણન કરતાં પયગંબર કહે છે, તે દિવસે પહાડે પહાડે ન ડુંગરે ડુંગરે દ્રાક્ષાસવ અને દૂધ વહેચશે, યહૂદાના વહેળાઓમાં પાણી ખળખળશે અને મારા ધામમાંથી ઝરણુ ફૂટી નીકળી શિટીમની સૂકીભઠ ખીણને પાણી પાશે.

પ્રભુના દિવસની સૌથી નૌંધપાત્ર વાત આખી માનવજાતમાં દિવ્ય ચેતનાનો સંચાર કરવાનાં પ્રભુના વચનો છે. ત્યાર પછી આખી માનવજાતમાં હું મારા પ્રાણનો સંચાર કરીશ અને તમારાં પુત્રપુત્રીઓ મારી પ્રેરણાથી બોલશે, તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે અને તમારા તરુણો દિવ્ય દર્શન પામશે. તે દિવસે ગુલામ સ્ત્રીપુરોષોમાં પણ હું મારા પ્રાણનો સંચાર કરીશ.